# બામણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને તાળા મારી દેવાતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના બામણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબની વહીવટી તંત્ર દ્વારા બદલી કરાયા બાદ રોષે ભરાયેલા ગ્રામજનોએ શનિવારે આરોગ્ય કેન્દ્રને તાળા મારી દેતા મામલો ગરમાયો હતો. આરોગ્ય કેન્દ્રને તાળા મારવાની ઘટના સંદર્ભે ચાંદરણીના મેડીકલ ઓફીસરે સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં બામણાના માજી સરપંચ, માજી આચાર્ય અને સરપંચના સસરા ઉપરાંત ૨૫ વ્યક્તિઓ વિરૂદ્ધ કામગીરીમાં રૂકાવટ કરી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતી ફરિયાદ નોંધાવતા મામલો વધુ ગરમાયો છે.

આ અંગેની વિગત એવી છે કે બામણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા એક તબીબની વહીવટીતંત્ર દ્વારા અન્યત્ર બદલી કરી દેવાઈ હતી. જે સંદર્ભે રોષે ભરાયેલા ગ્રામજનોએ શનિવારે આરોગ્ય કેન્દ્રને તાળા મારી દીધા હતા. દરમ્યાનમાં સોમવારે પોલીસ દરમિયાનગીરી અને ગ્રામજનો સાથે ચર્ચા કર્યા બાદ ફરીથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની કામગીરી શરૂ કરાઈ હતી. ગ્રામજનોએ આ અંગે કલેક્ટર તેમજ ડી.ડી.ઓ. સમક્ષ સોમવારે લેખિત રજુઆત કરી હતી.

દરમ્યાનમાં ચાંદરણીના મેડીકલ ઓફીસર રોહિતગીરી ગોસ્વામીએ બામણાના માજી સરપંચ દિનેશાઈ ભટ્ટ, બામણા હાઈસ્કૂલના માજી આચાર્ય ત્રિવેદી, સરપંચના સસરા નટુભાઈ રાઠોડ ઉપરાંત અન્ય પચ્ચીસેક વ્યક્તિઓ વિરૂદ્ધ સોમવારે ગાંભોઈ પોલીસસ્ટશનમાં ફરિયાદ નોંધાવી હતી. ગાંભોઈ પોલીસે બામણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને તાળા મારી કામગીરીમાં રૂકાવટ ઉભી કરવા બદલ તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ તમામ વિરૂદ્ધ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.





## મેઘરજ મામલતદાર કચેરીમાં સ્વચ્છતાના ધજાગરા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા નામે અભિયાનનો અને ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે ત્યારે આ ઝૂંબેશના સરેઆમ એસી કી તેસી મેઘરજ મામલતદાર કચેરીમાં જોવા મળી રહી છે. કચેરીમાં પ્રવેશતા જ વ્યસન પ્રતિબંધીની જાહેર ચેતવણીના બોર્ડ મારવામાં આવ્યા છે. પરંતુ કચેરીની બારીઓમાં અને શૌચાલયમાં પાન-મસાલા અને ગુટખાની હોર જોવા મળી રહી છે. કર્મચારીઓ દ્વારા ચાલુ ફરજે મસાલા ગુટખાનું સેવન કરી પીચકારીઓ મારવામાં આવતી હોવાથી ગંદકી જોવા મળી રહી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. મેઘરજ મહેસૂલ વિભાગના નાયબ મામલતદાર રમણભાઈ પરમારના જણાવ્યા અનુસાર હવેથી કોઈપણ અરજદાર કે કર્મચારી જો પાન - મસાલા જેવી પ્રતિબંધિત ચીજનું સેવન કરતા નજરે ચડશે તો તેની સામે કડક પગલાં ભરવામાં આવશે.



અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા કોમર્શીયલ વિસ્તારમાં આવેલ ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ ક્વાર્ટસ વર્ષોથી ખંડેર હાલતમાં છે. ક્વાર્ટસની આજુ-બાજુ ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. ક્વાર્ટસ છે કે ગાયો અને ભેસોનો તબેલો ? પ્રેમી-પંખીડાઓનું મિલન સ્થળ હોવાનું લોકમુખે ચર્ચાય છે. ક્વાર્ટસ કંપાઉન્ડની અંદર ગોરખધંધા ચાલતા હોવાનું પણ લોકમુખે ચર્ચાય છે. ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ ક્વાર્ટસનું મકાન અને જમીન લાખ્ખો રૂપિયાની સંપત્તીનો જાણે કોઈ કે કોઈ રણીધણી ન હોય તેમ બિસ્માર હાલતમાં ક્વાર્ટસ જોવા મળી રહ્યું છે. ભિલોડા તાલુકા પંચાયત ક્વાર્ટસ કંપાઉન્ડની અંદર ક્યારેક-ક્યારેક ઉકરડા પણ જોવા મળતા હોય છે. ભિલોડા તાલુકા પંચાયત ક્વાર્ટસ કંપાઉન્ડની અંદર ગાંડા-બાવળો, નાના-મોટા વૃક્ષો પણ ઉગી નીકળ્યા છે.ભિલોડામાં જાગૃત પ્રજાજનો ધ્વારા જાણવા મળેલ છે કે સરકારી લાખ્ખો રૂપિયાની સંપત્તીનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ તેમ લોકમુખે ચર્ચાય છે.

# હાંસલપુરમાં ખોટી સહીઓ કરાવી વીજ કનેક્શન નામે કરાવતા પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના હાંસલપુર ગામની સીમમાં આવેલી સંયુક્ત માલિકીની જમીનમાં ગામના જ શખ્સ દ્વારા ખોટી સહીઓના આધારે ખોટા દસ્તાવેજ બનાવી વીજ કનેક્શન પોતાના નામે કરવાના મામલે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં સોમવારે ગુનો નોંધાયો હતો. પોલીસે હાંસલપુરના શખ્સ વિરૂદ્ધ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

આ અંગે ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર મૂળ હાંસલપુરના અને હાલમાં હિંમતનગરની શ્રીનગર સોસાયટીમાં રહેતા અમીતકુમાર કાન્તીભાઈ પટેલની હાંસલપુરની સીમમાં જમીન આવેલી છે. વર્ષ ૨૦૧૦માં હાંસવલપુરના મણીભાઈ નાથાભાઈ પટેલે સીમમાં આવેલી બ્લોક નં. ૨૪૮ની જમીનમાં સંયુક્ત માલિકીનું વીજ કનેક્શન ખોટા દસ્તાવેજોને આધારે પોતાના નામે મેળવ્યું હતું. જેમાં એજી-૬૬ ગ્રાહક નં. ૨૩૨૩૪૦૦૧૯૦૧નો ખોટો દસ્તાવેજ બનાવી હાંસલપુરના રહીશ મણીભાઈ નાથાભાઈ પટેલે ખોટી સહીઓ કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરતા હોવાનું અમીતભાઈ પટેલના ધ્યાને આવ્યું હતું.

જેથી મૂળ હાંસલપુરના જ રહીશ અમીતકુમાર પટેલે આ જ ગામના મણીભાઈ પટેલ વિરૂદ્ધ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં સોમવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કર્યો હતો. ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સી.વી. નાયકે દસ્તાવેજી પુરાવાના આધારે સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.



અરવલ્લી જીલ્લાના હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી. ડેપો મેનેજર અનિલભાઈ પરમારનો વિદાય સમારંભ યોજાયો હતો. ભિલોડા એસ.ટી. ડેપો મેનેજર અનિલભાઈ પરમારના કાર્યકાળ દરમ્યાન પ્રશંસનીય કામગીરી સંદર્ભે બિરદાવી મોમેન્ટો આપી શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

# કિફાયતનગરમાં બે બંધ મકાનોના તાળા તુટ્યા

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર નજીકના સવગઢમાં આવેલા કિફાયતનગરમાં શનિવારે રાતે તસ્કરોએ બે મકાનના તાળા તોડી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રૂ. ૩૫ હજારની માલમત્તા ચોરી કરી ભાગી છુટ્યા બાદ ગ્રામ્ય પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે કિફાયતનગરના રહીશની ફરિયાદ આધારે ગુનો દર્જ કરી ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યુ હતું.

સવગઢના કિફાયતનગરના મકાનોમાં થયેલી ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર શનિવારની રાત્રીના સમયે તસ્કરોએ આ વિસ્તારના કેટલાક બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. જેમાં મદની સોસાયટીમાં રહેતા મુમતાઝહુસેન રોશનઅલી સૈયદ બહારગામ ગયા હતા. બાદ તસ્કરોએ આ મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરમાં પડેલી તિજોરીમાં મુકેલા સોના-ચાદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત રૂ. ૩૫ હજારની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા. તસ્કર ટોળકીએ કિફાયતનગરના અન્ય મકાનોને પણ નિશાન બનાવી તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપ્યાનું રહીશોએ અને પોલીસસૂત્રોએ જણાવ્યું હતું.

મદની સોસાયટીમાં રહેતા મુમતાઝહુસેન સૈયદના મકાનના તાળા તુટવાની ઘટના અંગે પડોશીએ ફોન દ્વારા જાણ કરતા તેઓએ બહારગામથી આવી જઈ ચોરીની ઘટના અંગેની હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા ગ્રામ્ય પોલીસ સ્ટેશનનું તંત્ર હરકતમાં આવ્યું હતું અને મકાનોના તાળા તુટ્યાની ઘટના બાદ દોડધામ કરી ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યુ હતું. આ વિસ્તારના રહીશોએ જણાવ્યું હતું કે અહીની કેટલીક સોસાયટીઓમાં અગાઉ પણ ચોરીઓની ઘટના બની હોવા છતાં સ્થાનિક પોલીસ તંત્ર આવી ઘટનાઓનો ભેદ ઉકેલવામાં નિષ્ફળ રહ્યું છે.



## મેઘરજમાં કોંગ્રેસે મામલતદારને આવેદનપત્ર આપ્યુ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ગુજરાતમાં ચાલતા અનામત આંદોલન અંગે સ્થાપિત હિતો દ્વારા થઈ રહેલ અપ્રચાર સામે અનામત અંગેની જોગવાઈઓના ચુસ્ત અમલ થવા અંગે મેઘરજ તાલુકા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને તાલુકાના કાર્યકર ભાઈઓ-બહેનો દ્વારા મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોંગ્રેસ કારોબારીના હોદ્દેદારો પ્રમુખશ્રી લાલુભાઈ આંબલીયા મણીલાલ પાંડોર, જગદીશભાઈ ફેરા, બી.કે. નિનામા, મહિલા કોંગ્રેસના કાર્યકર સુમિત્રાબેન ડામોર, લલીતાબેન અસારી, કૈલાસબેન રાંત, વિક્રમસિંહ ઠાકોર વગેરે ૭૦ જેટલી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# મોડાસામાં નવરાત્રી ગરબામાં ખેલૈયાઓ હિલોળે ચડ્યા

મોડાસા,તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં પણ પવિત્ર નવરાત્રી પર્વનો પ્રારંભ થયો છે. ત્યારે મોડાસા શહેરની જુદી જુદી નવરાત્રીઓમાં બીજા દિવસે



ખેલૈયાઓની ભારે ભીડ જોવા મળી હતી અને નવરાત્રીના આયોજકોમાં અને ખેલૈયામાં તંત્ર દ્વારા રાત્રીના બાર વાગે બંધ કરવાનો ડર પણ સાથે સાથે સતાવી રહ્યો હતો.

હવે મોડાસા શહેર કચ્છ કડવા પાટીદાર અને શેરી ગરબામાં કડિયાવાડા ખાડિયામાં ધીરે ધીરે મા આદ્યશક્તિના નોરતા જામતા જાય છે. ત્યારે હવે પાર્ટી પ્લોટની સાથે લુપ્ત થયેલ શેરી ગરબાએ પણ પોતાની શેરીમાં જમાવટ કરતા નજરે પડે છે. પણ હવે એક ચોક્કસ વાત છે કે નવરાત્રીમાં ઢોલની જગ્યાએ ડીજે અને ઓરકેસ્ટ્રાએ સ્થાન લઈ લીધું હોય તેવું દેખાઈ રહ્યું છે અને પાર્ટી પ્લોટમાં લાખો રૂપિયાના ખર્ચ સામે ટકી રહેવા શેરી ગરબાના આયોજકોએ અવનવા પેંતરા યોજ્યા છે. જેવા કે ખેલૈયાઓને આકર્ષવા માટે શેરીઓમાં પાવાગઢ તેમજ દૂધિયું તળાવ અને ફરતી માડવડીઓ બનાવવામાં આવી છે. ખેલૈયાઓ ગરબે ગુમતા થાકે તો તેમના માટે આયોજકો અને દાતાઓ દ્વારા રાત્રી દરમ્યાન નાસ્તાની પણ સગવડ કરવામાં આવે છે. જ્યારે બાળકો અને સ્ત્રીઓ માટે લાણીનું વિતરણ કરવામાં આવે છે જેથી ખેલૈયાઓ પોતાના વિસ્તાર જકડાઈ રહે. આ રીતે બીજા નોરતેથી જ ખેલૈયાઓની ભીડ જોવા મળી હતી.

# મોડાસામાં એન્ટર પ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરેશ સેવા ટ્રસ્ટ અને રાષ્ટ્રીય હિત રક્ષક દળના સહયોગથી મોડાસા ખાતે 'એન્ટર પ્રિન્યોરશીપ' ડેવલોપમેન્ટ સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં અરવલ્લી, સાબરકાંઠા અને મહિસાગરના ઉદ્યમી યુવાનો હાજર રહ્યા અને જેમાં યુવાનોને મળતી લોનની જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોડાસાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે આયોજીત આ સેમિનારમાં ઉદ્યમી યુવાનો માટે ઉદ્યોગ સાહસિકતા, ઉદ્યમી બનવા અને કેન્દ્ર સરકાર દ્વારા યુવાનોને મળતી લોન તેમજ આ બેરોજગાર યુવાનોને રોજગારી કેવી રીતે મેળવવી તે બાબતે નિષ્ણાંત દિપક મકવાણાએ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ મુખ્ય મહેમાન પદે જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક, નગરપાલિકા પ્રમુખ એસ. આર. પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, નટુભાઈ પરમાર, હસમુખભાઈ સકસેના, મૂલચંદ રાણા ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારનું સફળ આયોજન રાષ્ટ્રીય હિતરક્ષકદળ, સુરેશ સેવા ટ્રસ્ટ અને મોડાસા તાલુકાના યુવાનો અને રાષ્ટ્રીય હિત રક્ષક દળના જય અમીન દ્વારા કરવામાં આવ્યું હતું.





અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ઓ.બી.સી., એસ.ટી., એસ.સી. એકતા મંચ અને સમાજના અગ્રણીઓ ધ્વારા રેલી કાઢી અનામત બચાવો સંદર્ભે મામલતદારને આવેદનપત્ર અપાયું હતું. આ પ્રસંગે ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, આદિવાસી સમાજના પ્રમુખ ધુળજીભાઈ ગામેતી, મહામંત્રી બાબુલાલ ખાણમા, અગ્રણી રાજુભાઈ પારઘી, મંજુલાબેન પાંડોર, ટી.કે.પાંડોર, જયપ્રકાશ ખરાડી, કાંતીલાલ ખરાડી, જશુભાઈ અસારી, બાબુલાલ પરમાર, રવીભાઈ પાંડોર, જીતુભાઈ બરંડા, ચંદનભાઈ ખરાડી, ભરતભાઈ પાંડોર, કંદર્પભાઈ પટેલ સહિત ઓ.બી.સી., એસ.ટી., એસ.સી. એકતા મંચ અને સમાજના અગ્રણીઓએ અનામત બચાવો, બંધારણીય જોગવાઈઓનો અમલ કરવા સંદર્ભે ભિલોડા મામલતદાર જી. કે. પટેલને આવેદનપત્ર આપ્યું હતું.

# શામળાજી પોલીસ પર હૂમલો કરનાર ચાર આરોપી ઝડપાયા

## પોલીસે કુલ ૧૭ પૈકી ૧૦ ગુનેગારની અત્યાર સુધી ધરપકડ કરી

શામળાજી નજીકના બોરનાલ ગામે ગત સપ્તાહે રાતે દારૂ પકડવા ગયેલી શામળાજી પોલીસ ઉપર બુટલેગરોએ હૂમલો કર્યો હતો. આ ઘટનામાં પોલીસ દ્વારા ૧૭ લોકો સામે ગુનો નોંધ્યો હતો. જેમાં ફરાર મુખ્ય ૪ આરોપીને પોલીસે ઝડપી લીધા હતા. આ અગાઉ આ જ કેસમાં ૬ આરોપીને ધરપકડ કરાઈ છે એમ કુલ પોલીસ પર હૂમલાના કેસમાં અત્યાર સુધી ૧૦ લોકોની ધરપકડ કરવામાં પોલીસ સફળ રહી છે.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના બોરનાલ ગામે રાતે બાતમી આધારે શામળાજી પોલીસ વિદેશી દારૂ પકડવા ગઈ હતી તે દરમ્યાન બુટલેગરોએ પોલીસ ઉપર હિચકારો જીવલેણ હૂમલો કર્યો હતો તેમજ પોલીસના હાથમાંથી ઈન્સાસ રાયફલ પણ પડાવી લીધી હતી. બુટલેગરોએ એક પોલીસના માથામાં તલવારના મરણતોલ ઘા મારતા તે હાલમાં દવાખાને સારવાર હેઠળ છે. જ્યારે પોલીસની ખાનગી જીપના ટાયરને પણ તલવારના ઘા મારી ચીરી નાખ્યા હતા. આ ઘટના અંગે શામળાજી પોલીસે ૧૭ લોકો સામે ગુનો નોંધ્યો હતો. બાદમાં શામળાજીના બોરનાલમાં બનેલી આ ઘટનાની તપાસ જિલ્લા એલસીબીને સોંપવામાં આવી હતી. જેથી આ ગુનામાં ફરાર આરોપીઓને શોધવા અરવલ્લી એલસીબી અને શામળાજી પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. જેથી પોલીસ દ્વારા પોલીસ પર હૂમલાના મુખ્ય ૪ આરોપીઓને પકડી પાડવા માટે કોમ્બિંગ હાથ ધર્યુ હતું. જેના પગલે આ ૪ આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા અને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવી વધુ તપાસ શરૂ કરી હતી. અત્યાર સુધીમાં આ ગુનામાં ૧૭ આરોપીમાના ૧૦ આરોપીઓને પકડવામાં પોલીસ સફળ રહી છે અને હજુ ૭ આરોપીને પકડવા ચક્રો ગતીમાન કર્યા છે.



# કતપુર ટોલનાકા પાસે કાર અને ઊંટલારી વચ્ચે અકસ્માત

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પાસે કતપુર ટોલ નાકા પાસે અમદાવાદ તરફથી હિંમતનગર તરફ જતી કારે ઊંટલારીને પાછળથી ટક્કર મારતા લારી ચાલક સહિત ઊંટને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ કતપુર ટોલટેક્ષ નજીક ચંદનઈન હોટલ પાસે અમદાવાદ તરફથી હિંમતનગર તરફ જઈ રહેલ અલ્ટો કાર નં. જીજે-૦૧આરજી-૩૪૧૮ના ચાલક અમીતભાઈ મનહરભાઈ પ્રજાપતિ રહે. અમદાવાદ ફુલ ફાસ્ટ હંકારી લાવી આગળ જતી ઊંટલારીને પાછળથી ટક્કર મારતા ઊંટલારીના કેટલાય ભાગ પડી ગયા હતા અને ઊંટને પણ બન્ને પગે ઈજાઓ થઈ હતી. જ્યારે ઊંટલારીના ચાલક સનાભાઈ શદનભાઈ રાવળ ઉં.વ., ૪૫ રહે. સીતવાડાને શરીરે માથાના ભાગે તથા હાથે પગે વગેરે જગ્યાએ ઈજાઓ થતાં તેમણે હાઈવે ઓથોરીટીની ગાડીમાં પ્રાંતિજ સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન હજુ સુધી નોંધાઈ નથી.